(અંક ૦૩ : વર્ષ ૩૩)

વાર્ષિક લવાજમ રૂા. ૧૦૦ છૂટક અંક : રૂા. ૧૦

Regd. No. VDR-E/104/2006-2008

***આત્માનો સારો યે સંકલ્પ જ્યારે પરમાત્માને પામવાને માટે કટિબદ્ધ બને છે, ત્યારે પછી તેની સામે કશું યે ટકી શકતું નથી.***

*- શ્રી અરવિન્દ*

✻

શ્રી અરવિન્દ સોસાયટી, પોંડિચેરીની માસિક પત્રિકા

છૂટક અંકની કિંમત **રૂા. ૧૦-૦૦**

વાર્ષિક લવાજમ* ભારતમાં **રૂા. ૧૦૦*** આજીવન **રૂા. ૧૦૦૦**

વિદેશ માટે-હવાઇ માર્ગે

અમેરિકન **ડોલર ૨૦** વાર્ષિક

દરિયાઈ માર્ગે, અમેરિકન **ડોલર ૧૦**

*સોસાયટીના સભ્યપદ સહિત રૂા. ૧૨૫

તંત્રી : **શ્રી કિરીટકુમાર ઇન્દ્રવદન ઠક્કર**

© શ્રી અરવિન્દ આશ્રમ ટ્રસ્ટ, પોંડિચેરી-૬૦૫૦૦૨

પ્રકાશક :

**શ્રી હંસકુમાર બી. માંકડ,** અધ્યક્ષ,

શ્રી અરવિન્દ સોસાયટી, શ્રી અરવિન્દ નિવાસ,

દાંડિયા બજાર, વડોદરા. ફોન : ૨૪૧૨૬૮૫

E-mail : sas@auronivas.org


વેબસાઈટ : www.auronivas.org

મુદ્રણસ્થાન : **કૈલાસ પ્રિન્ટરી,** ડી-૧૨, સરદાર એસ્ટેટ,

આજવા રોડ, વડોદરા. ફોન નં. ૨૫૬૨૦૯૮

✻





હું મારા પોતાના અનુભવ પરથી કહું છું: મારામાં નક્કર બળ છે..... જ્યારે જરૂર પડી છે ત્યારે મારા નક્કર બળનો ઉપયોગ હું કરી શક્યો છું.... સ્થિર આધ્યાત્મિક બળ સેંકડો ગણું વધારે બળવાન હોય છે, એ ભભૂકી ઊઠતું અને પાછું ઓલવાઈ જતું નથી; પરંતુ તે એકધારું, અટલ અને સદા ક્રિયાશીલ હોય છે.

૨૨.૧૦.૧૯૩૩ — શ્રી અરવિન્દ

# અર્પણ

(આધ્યાત્મિક વિકાસ, એ જ આપણા પૃથ્વી પરના જીવનનો ખરો હેતુ છે)

## અખિલ ભારત પત્રિકા


શ્રી અરવિન્દ સોસાયટી, વડોદરા.

ડિસેમ્બર-૨૦૦૮ વર્ષ : ૩૩ અંક : ૦૩ સળંગ અંક ૩૮૯

## 'સાવિત્રી' માંથી કંડિકાઓ

*"My light shall be in thee, my strength thy force.*
*Let not the impatient Titan drive thy heart,*
*Ask not the imperfect fruit, the partial prize.*
*Only one boon, to greaten thy spirit, demand;*
*Only one joy, to raise thy kind, desire.*
*Above blind fate and antagonist powers*
*Moveless there stands a high unchanging Will;*
*To its omnipotence leave thy work's result.*
*All things shall change in God's transfiguring hour."*

**Savitri III. IV.** **- Sri Aurobindo**

''મારો પ્રકાશ તારામાં હશે, મારું બળ તારું બની જશે.
અધીર દૈત્યને તારા હૈયા કેરો હાંકનાર બનાવ ના,
અધૂરું ફળ ના માગ, પુરસ્કાર અપૂર્ણ ના.
માહાત્મ્ય આત્મને દેતું વરદાન એક કેવળ માગજે;
એક કેવળ આનંદ વાંછજે તું સ્વજાતિનો ઉત્કર્ષ સાધવાતણો.
અંધ નિર્માણને માથે અને માથે વિરોધી શક્તિઓતણા
સ્થિર ને બદલાયે ના એવો એક ઉચ્ચ સંકલ્પ છે ખડો;
એની સર્વશકિતમત્તા માટે તારા કર્મનું ફળ છોડ તું.
રૂપાંતર પમાડંતી પ્રભુની પળ આવતાં
બદલાઈ જશે બધું.''

**'સાવિત્રી' ૩.૪** **- શ્રી અરવિન્દ - અનુ. શ્રી પૂજાલાલ**



**Folder** : Arpan-03 **Next Folder** Arpan-08
**File** :-December-08 2nd Proof 19-11-08
Tr 18-11-08



# અનુક્રમ


શ્રી અરવિન્દની શક્તિ ૫
શ્રી અરવિન્દની આધ્યાત્મિક અનુભૂતિઓ ૭
શ્રી અરવિન્દ આશ્રમ ૯
લૌકિક, પારલૌકિક અને શ્રી અરવિન્દનો યોગ ૧૧
શ્રી અરવિન્દની મહાસમાધિ ૧૩

❀

સૃષ્ટિને તેની જડતામાંથી બહાર લાવવી ૧૭
છેવટની પસંદગી ૨૨
અસંતુષ્ટ અહંકારને માર્ગદર્શન ૨૩
શુદ્ધતા ૨૪

❀

**ગીતા નિબંધો**

કુરુક્ષેત્ર ૨૫

❀

વૃત્ત વિશેષ ૩૦





**Folder** : Arpan-03 **Next Folder** Arpan-08
**File** :-December-08 2nd Proof 19-11-08
Tr 18-11-08


# શ્રી અરવિન્દની શક્તિ

જરૂર, મારી શક્તિ આશ્રમ અને એની પરિસ્થિતિમાં મર્યાદિત નથી. તમે જાણો છો તેમ, વિશ્વયુદ્ધનો સાચી દિશામાં વિકાસ થાય તે માટે સહાય કરવા માટે તથા માનવના જગતમાં પરિવર્તન લાવવા માટે એનો મોટો ભાગ વપરાય છે. આશ્રમના ઉદ્દેશની બહાર અને સાધના ઉપરાંત વ્યક્તિગત હેતુને માટે પણ એ શક્તિનો પ્રયોગ થાય છે; અલબત્ત, એ કાર્ય મૌનમાં અને મુખ્યત્વે આધ્યાત્મિક ક્રિયા દ્વારા કરવામાં આવે છે.

❀

*પુરાણો તેમ જ રામાયણ અને મહાભારતમાં દેવો અને દાનવો વચ્ચેના યુદ્ધની વિગતો છે અને એમાં રામ અને કૃષ્ણ જેવા અવતારોએ જે ભાગ ભજવ્યો એની કહાનીઓ પણ છે. વીસમી સદીમાં જગતમાં એ જ પ્રકારની ઘટનાપરંપરા ફરીથી આકાર લઈ રહી હતી. એક તરફ શ્રી અરવિન્દ અને શ્રી માતાજી નૂતન સુવર્ણયુગનો પાયો નાંખવાનો પ્રયત્ન કરી રહ્યાં હતાં ત્યારે હિટલર તથા સ્ટાલીન જેવા શક્તિશાળી રાક્ષસો જગતને પોતાના અત્યાચારોથી ડરાવીને સમયના ચક્રને પાછું ઠેલી રહ્યા હતા.*

*એ યુદ્ધમાં મિત્ર રાજ્યોને શ્રી અરવિન્દ પૂરેપૂરી સહાય પોતાની આધ્યાત્મિક શક્તિ વડે કરી રહ્યા હતા એની વિગતો શ્રી અરવિન્દે એક શિષ્ય પરના પત્રમાં આ મુજબ વર્ણવી છે :*

તમે કહો છો કે આ યુદ્ધ માતાજીનું છે કે નહિ એ વિશે તમને હવે શંકા થવા લાગી છે. તમે મારી પાસેથી એ શંકાનું નિવારણ માગો છો, આ યુદ્ધ માતાજીનું જ યુદ્ધ છે એ વાતની એક વાર ફરીથી ખાતરી માગો છો. તો સાંભળી લો, હું તમને સખતમાં સખત ભાષામાં જણાવું છું કે આ યુદ્ધ માતાજીનું જ યુદ્ધ છે. તમારે એમ લેશ પણ માનવાનું નથી કે આ યુદ્ધ અમુક અમુક દેશો વચ્ચેનું જ યુદ્ધ છે, યા તો હિંદને ખાતર લડાતું યુદ્ધ છે. આજે એક ભાવના માનવજાતિના જીવનમાં પોતાની સ્થાપના કરવા માટે પૃથ્વી ઉપર ઊતરી રહી છે, એક સત્ય પોતાને અહીં પૂર્ણ રીતે સાકાર કરવા મથી રહ્યું છે. એ આદર્શ અને સત્યને સિદ્ધ થતાં અટકાવવા માટે આજે એક ઘોર અંધકાર અને અસત્ય મેદાને પડ્યાં છે અને ટૂંક સમયમાં જ આખી પૃથ્વીને અને માનવજાતિને ગળી જવા માટે પ્રયત્ન કરી રહ્યાં છે. એ આદર્શ અને એ સત્યને પૃથ્વી ઉપર કાયમ કરવા માટેનું આ યુદ્ધ છે.

આપણે માત્ર અમુક અમુક બાહ્ય પરિસ્થિતિ જ ધ્યાનમાં લેવાની નથી, પરંતુ એ લડાઈની પાછળ પરદામાં રહીને કામ કરી રહેલાં બળોને જોવાનાં છે. આ લડાઈમાં લડી રહેલા લોકોની ખામીઓ કે ભૂલોનો જ માત્ર વિચાર કર્યા કરવો એનો કશો અર્થ નથી. જગતના બધા જ દેશોમાં કંઈ ને કંઈ ખામીઓ રહેલી છે અને તે બધા જ ગંભીર ભૂલો કરતા આવ્યા છે. એટલે અત્યારે તો માત્ર આ જ જોવાનું છે કે આ સંગ્રામમાં કયો દેશ કયા પક્ષમાં જઈને ઊભો છે. આ સંગ્રામ માનવજાતિના વિકાસનો માર્ગ મોકળો રાખવા માટેનો સંગ્રામ છે. માનવજાતિને વિચાર કરવાની સ્વતંત્રતા મળી રહે, તેનામાં પ્રગટેલા જ્ઞાન મુજબ જીવન ઘડવાની, સત્યની અંદર તેમ જ આત્મતત્ત્વની અંદર વિકાસ સાધવાની સ્વતંત્રતા મળી રહે તેવી પરિસ્થિતિ સ્થાપિત કરવા માટેનો આ સંગ્રામ છે. આ યુદ્ધમાં નાઝીઓનો વિજય થતાં જે પરિણામો આવવાનાં છે તે વિશે લેશ પણ શંકા રહી શકે તેમ નથી. નાઝીઓની જીતને પરિણામે આ પ્રકારની સર્વ સ્વતંત્રતાનો સમૂળગો અંત આવી જશે, પ્રકાશ અને સત્ય માટેની તમામ આશાઓ બરબાદ થઈ જશે, અને પૃથ્વી માટે જે કાર્ય કરવાનું છે તેની સામે એવા તો સંજોગો ઊભા થશે કે મનુષ્યની શક્તિ દ્વારા તો એ કાર્ય અશક્ય જ બની રહેશે. નાઝીઓ જીતશે તો જગતમાં અસત્ય અને અંધકારનું શાસન ફેલાશે, માનવજાતિના મોટા ભાગ ઉપર ક્રૂર દમનનો, અને અધઃપતનનો કોરડો વીંઝાવા લાગશે. આ વસ્તુ કેટલી બધી તો ભયાનક છે એનો આ દેશના લોકોને હજી સ્વપ્ને પણ ખ્યાલ નથી, કે એની લેશ પણ સમજ નથી. આ યુદ્ધમાં નાઝીઓ સામેનો જે બીજો પક્ષ છે તેણે તો માનવજાતિને માટે એક મુક્ત ભાવિની ઘોષણા કરી દીધી છે. તે પક્ષનો વિજય થશે તો જગતને માથેથી નાઝીવાદમાંથી જન્મતી આ ભયંકર આપત્તિ દૂર થશે. એ જીતને અંતે એવી પરિસ્થિતિ ઊભી થશે કે જેમાં પેલા આદર્શને વિકસવા માટે તક મળી શકશે, પ્રભુનું કાર્ય સિદ્ધ થઈ શકશે, પૃથ્વી ઉપર અમે જે આધ્યાત્મિક સત્યની સ્થાપના કરવા માગીએ છીએ તે સ્થાપી શકાશે. જેઓ આ પ્રકારના ધ્યેયને માટે લડી રહ્યા છે તેઓ ભગવાનના પક્ષમાં ઊભેલા છે અને જગત પર ઝૂઝી રહેલા આસુરી રાજ્યનો સામનો કરી રહ્યા છે.

૨૯.૭.૧૯૪૨ **શ્રી અરવિન્દ**

(શ્રી અરવિન્દ જીવન, પૃ-૨૭૬ શ્રી માતાજી (સંક્ષિપ્ત જીવન ચરિત્ર) - પૃ ૬૩-૬૪,
સંગ્રામની ક્ષણો - પૃ. ૪૭-૪૮)



Folder : Arpan-03 Next Folder Arpan-08
File :-December-08 2nd Proof 19-11-08
Tr 18-11-08

# શ્રી અરવિન્દની આધ્યાત્મિક અનુભૂતિઓ

## ૧૯૦૮ પહેલાંની અનુભૂતિઓ :

**પ્રશ્ન :** પરંતુ આપે યોગની શરૂઆત પછીથી ગુજરાતમાં કરી ન હતી ?
**ઉત્તર :** હા, પરંતુ એની શરૂઆત થઈ હતી લંડનમાં*. એપોલો બંદર પર ભારતની ભૂમિ પર પગ મૂકતી વખતે જે કળી ખીલી હતી, તે વડોદરામાંના મારા નિવાસના પ્રથમ વર્ષમાં જે સમયે મારી ઘોડાગાડીને અકસ્માતનો ભય ઉત્પન્ન થયો હતો તે ક્ષણે એ કળીએ પુષ્પનું સ્વરૂપ ધારણ કર્યું હતું.

❀

લેલેને મળતા પહેલાં શ્રી અરવિન્દને થોડી આધ્યાત્મિક અનુભૂતિઓ પ્રાપ્ત થઈ હતી, પરંતુ એ સમયે તેઓને યોગ વિશે કશી પણ જાણકારી ન હતી - એ અનુભૂતિઓ હતી - હિંદમાંથી લાંબો કાળ બહાર રહ્યા પછી તેઓ જ્યારે હિંદ પાછા ફર્યા ત્યારે હિંદની ભૂમિ ઉપર તેમણે પગ મૂક્યો, મુંબઈમાં એપોલો બંદર પર તેઓ ઊતર્યા કે તરત જ એક વિશાળ શાન્તિ તેમણે પોતાના ઉપર ઊતરી આવતી અનુભવી. આ શાન્તિએ તેમને ચારે બાજુથી ઘેરી લીધા અને તેમની પાસે તે કેટલાય મહિના સુધી ટકી રહેલી. એક વખત તેઓ કાશ્મીરમાં તખ્તે સુલેમાનની એક ધાર ઉપર ફરતા હતા ત્યારે તેમને શૂન્ય અનંત બ્રહ્મનો સાક્ષાત્કાર થયેલો. નર્મદા નદીના કિનારે એક મંદિરમાં તેમને કાલિની પ્રત્યક્ષ હાજરીનો અનુભવ થયેલો. વડોદરામાં રહેવા આવ્યા પછીના પહેલા વરસમાં ગાડીનો અકસ્માત થવાના એક પ્રસંગે તેમને પોતાની અંદરથી પરમાત્માનું સ્વરૂપ એકાએક પ્રગટ થતું જોવામાં આવેલું. પરંતુ આ બધા અનુભવો એકાએક, અણધાર્યા અને આપમેળે જ આવેલા હતા. એ કોઈ સાધનાના અંગરૂપ ન હતા. શ્રી અરવિન્દે કોઈ ગુરુની મદદ વિના પોતાની મેળે જ યોગ કરવો શરૂ કર્યો હતો. ચાણોદના ગંગનાથ મઠ વાળા સ્વામી બ્રહ્માનંદના એક શિષ્ય પાસેથી તેમણે એ વિષયના થોડા નિયમો જાણી લીધા હતા. આ યોગમાં પ્રથમ તો તેઓ એકલો પ્રાણાયામ કરતા હતા.

❀

* ૧૮૯૨માં ઉપનિષદનું વાંચન કરતી વખતે શ્રી અરવિન્દને આત્મન એટલે કે સત્ સ્વરૂપની મનોમય અનુભૂતિ થઈ હતી. Source : Sri Aurobindo and his Ashram, Delux,ed. 1985 P-28 )

## ૧૯૦૮ પછીના સાક્ષાત્કારો :

શ્રી અરવિન્દનો યોગ તથા તેમનું આધ્યાત્મિક તત્ત્વજ્ઞાન ચાર મહાન સાક્ષાત્કારો ઉપર મંડાયેલાં છે.

શ્રી અરવિન્દનો પહેલો સાક્ષાત્કાર, આપણે ઉપર જોઈ ગયા તે મુજબ ૧૯૦૮ ના જાન્યુઆરીમાં વડોદરામાં મહારાષ્ટ્રી યોગી વિષ્ણુ ભાસ્કર લેલે સાથે તેઓ ધ્યાન કરતા હતા તે વખતે થયો હતો. એ હતો સ્થલ કાલથી પર એવા શાંત બ્રહ્મનો સાક્ષાત્કાર. શ્રી અરવિન્દે પોતાની ચેતનાને સંપૂર્ણ રીતે અને સ્થાયી રૂપે શાંત સ્થિર કરી નાખ્યા પછી એ સાક્ષાત્કાર પ્રગટ થયેલો. એ સાક્ષાત્કાર થતાં પ્રથમ તો શ્રી અરવિન્દને આખું જગત કેવળ મિથ્યા છે, અવાસ્તવિક છે એવી એક પ્રખર લાગણી, એક પ્રબળ અનુભવ થઈ રહ્યો. પરંતુ આ લાગણી તેમને બીજો સાક્ષાત્કાર આવી મળ્યા પછીથી ચાલી ગયેલી. એ બીજો સાક્ષાત્કાર હતો વિશ્વરૂપ ચેતનાનો. એ સાક્ષાત્કાર થતાં આખું જગત, પ્રાણી માત્ર પ્રભુ પોતે જ છે એ પ્રકારનો અનુભવ તેમને થવા લાગ્યો. આ બનેલું અલીપોર જેલમાં. આ પછીના બીજા બે સાક્ષાત્કારોની શરૂઆત પણ તેમને અલીપોર જેલમાં જ ધ્યાન મારફતે થઈ ચૂકેલી. એ સાક્ષાત્કારો હતા પરમાત્માનો સક્રિય અને નિષ્ક્રિય એવાં બે સ્વરૂપવાળા બ્રહ્મ તરીકેનો સાક્ષાત્કાર તથા અતિમનસ લગી પહોંચતી ચેતનાની ઊર્ધ્વ ભૂમિકાઓનો સાક્ષાત્કાર. આ ઉપરાંત, શ્રી અરવિન્દને લેલે તરફથી એક સાધનામંત્ર મળ્યો હતો અને તે અનુસાર તેઓ પોતાની સાધનાની બાબતમાં તેમ જ બહારનાં કર્મો પરત્વે પણ કેવળ ભગવાન ઉપર જ આધાર રાખતા હતા અને ભગવાન તરફથી મળતા માર્ગદર્શનને જ માત્ર અનુસરતા રહેતા હતા.

પછીથી બીજા કોઈ વ્યક્તિ પાસેથી માર્ગદર્શન મેળવવું એ એમને માટે અશક્ય બની ગયું હતું અને બીજા કોઈની મદદની ઝંખના કરવી એ પણ બિનજરૂરી હતું. વાસ્તવિકતામાં શ્રી અરવિન્દે કોઈની પણ પાસેથી યથાવિધિ દીક્ષા પ્રાપ્ત કરી ન હતી.

**શ્રી અરવિન્દ**

( Cent. ed. Vol-26 P-81 અને શ્રી અરવિન્દ અને તેમનો આશ્રમ પૃ-૬૩-૬૪)



**Folder** : Arpan-03 **Next Folder** Arpan-08
**File** :-December-08 2nd Proof 19-11-08
Tr 18-11-08

# શ્રી અરવિન્દ આશ્રમ

શ્રી અરવિન્દ ૧૯૧૦ થી ૧૯૨૦ દરમિયાન ચાર કે પાંચ શિષ્યો સાથે પોંડિચેરીમાં રહેતા હતા.

૧૯૧૪માં શ્રી માતાજી ફ્રાંસથી (પોલ રિશાર સાથે) આવ્યાં અને શ્રી અરવિન્દે 'આર્ય' માસિકનું સંપાદન શરૂ કર્યું, 'આર્ય' માસિકનું કાર્ય જાન્યુઆરી ૧૯૨૦ સુધી ચાલુ રહ્યું.

એપ્રિલ, ૧૯૨૦માં શ્રી માતાજી જાપાનથી પાછાં આવ્યાં અને ધીરે ધીરે લોકોની સંખ્યા વધવા લાગી એટલે ૧૯૨૬માં આશ્રમની સ્થાપના કરવામાં આવી.

❀

સામાન્ય સાધનાઓનું લક્ષ્ય છે પરમ ચેતના (સત્-ચિત્-આનંદ) સાથે એકતા સાધવી. અને જે લોકો એ ચેતનામાં પહોંચી જાય છે તેઓ પોતાના વ્યક્તિગત મોક્ષથી સંતુષ્ટ થઈ જાય છે, અને જગતને તેઓ તેની દુઃખદ સ્થિતિમાં છોડી જાય છે. આનાથી ઊલટું, શ્રી અરવિન્દના યોગની સાધના, જ્યાં બધી સાધનાઓ પૂરી થાય છે ત્યાંથી શરૂ થાય છે. પરમ તત્ત્વ સાથે એકતાની અનુભૂતિ થતાં વ્યક્તિએ તે અનુભૂતિને બાહ્ય જગતમાં નીચે સુધી લઈ આવવાની રહે છે અને જ્યાં સુધી પૂર્ણ રૂપાંતર શક્ય ન બને ત્યાં સુધી આમ કરતાં રહી પૃથ્વી પરના જીવનને અને એની અવસ્થાને બદલતાં રહેવાનું છે. આ ધ્યેયને લક્ષ્યમાં રાખી પૂર્ણયોગના સાધકો જગતમાંથી નિવૃત્તિ લઈને ફક્ત મનનની અવસ્થામાં કે ધ્યાનમગ્ન દશામાં જ નથી રહેતા. દરેક વ્યક્તિએ પોતાના સમયનો ત્રીજો ભાગ ઊપયોગી કાર્ય માટે આપવો જ જોઈએ. આશ્રમમાં જીવનને લગતી બધી પ્રવૃત્તિઓને સ્થાન છે અને દરેક વ્યક્તિ પોતાના સ્વભાવને માફક આવતી પ્રવૃત્તિ પસંદ કરી શકે છે. સાથે જ પૂર્ણયોગના પૂર્ણ રૂપાંતરના લક્ષ્યને ધ્યાનમાં રાખી દરેકે એ પ્રવૃત્તિ નિઃસ્વાર્થ વૃત્તિથી તેમ જ સમર્પણ ભાવથી કરવાની છે.

આ હેતુને પરિપૂર્ણ કરવા આશ્રમની સ્થાપના થઈ છે. જેથી અંતેવાસીઓની જરૂરિયાતો પૂરી પડી શકે અને તેઓના ભરણપોષણની પણ ચિંતા રહે નહિ.

❀

અમુક લોકો ઉપરછલ્લી દૃષ્ટિએ જોતાં એમ પૂછી શકે કે આશ્રમ આ શહેરમાં આટલાં વર્ષોથી અસ્તિત્વમાં છે અને શહેરના લોકો એને શા માટે પસંદ કરતા

નથી ? આ પ્રશ્નનો પ્રાથમિક, તત્કાલીન ઉત્તર એ છે કે : શહેરના જે લોકોએ સંસ્કાર, બુદ્ધિમતા, શુભભાવના અને શિક્ષણનું ઉચ્ચતરણ ધોરણ પ્રાપ્ત કર્યું છે તેઓએ આશ્રમને આવકાર્યો છે. એટલું જ નહિ, પરંતુ આશ્રમ પરત્વે તેઓએ પોતાની સહાનુભૂતિ, પ્રશંસા અને શુભભાવના પણ પ્રકટ કરી છે. પોંડિચેરીમાં શ્રી અરવિન્દ આશ્રમના ઘણા સત્યનિષ્ઠ તેમ જ વિશ્વાસુ અનુયાયીઓ અને મિત્રો છે.

આટલું જણાવવાથી અમારી સ્થિતિ સ્પષ્ટ થઈ જાય છે.

અમે કોઈ સંપ્રદાય કે ધર્મ સામે લડતા નથી.

અમે કોઈ પણ પ્રકારની સરકાર સામે લડતા નથી.

અમે કોઇ સામાજિક વર્ગ સામે લડતા નથી.

અમે કોઈ રાષ્ટ્ર કે સંસ્કૃતિ સામે લડતા નથી.

અમે ભાગલા, અચેતનતા, અજ્ઞાન, જડતા અને જૂઠાણાં સામે લડીએ છીએ.

અમે પૃથ્વી પર એકતા, જ્ઞાન, ચેતના, અને સત્યને સ્થાપિત કરવા માટે પ્રયત્ન કરીએ છીએ અને પ્રકાશ, શાન્તિ, સત્ય તથા પ્રેમના આ નૂતન સર્જનના આગમનનો જે કોઈ વિરોધ કરે છે, તેની સામે અમે લડીએ છીએ.

**શ્રી માતાજી**

(CWM-Vol-13, PP-109, 111, 129-130)



**Folder** : Arpan-03 **Next Folder** Arpan-08
**File** :-December-08 2nd Proof 19-11-08
Tr 18-11-08

# લૌકિક, પાર લૌકિક અને શ્રી અરવિન્દનો યોગ

મારું પોતાનું જીવન અને મારો યોગ, હું ભારતમાં આવ્યો ત્યારથી લૌકિક તથા પારલૌક્કિ બંને પ્રકારના રહ્યા છે, અને એ બેમાંથી એક પણ એકબીજાના પ્રતિબંધક રહ્યા નથી. હું ધારું છું કે બધા પ્રકારના માનવીય રસો તે ઐહિક છે અને એ બધા રસો મારા મનોમય પ્રદેશમાં પ્રવેશ્યા છે, અને એમાંના થોડા, જેમકે રાજકારણ, એ તો મારા જીવનમાં પણ પ્રવેશ્યું છે; પરંતુ સાથેસાથે મુંબઈમાં ઍપોલો બંદર પર મેં પગ મૂક્યો ત્યારથી મને આધ્યાત્મિક અનુભૂતિઓ થવા લાગી છે, અને એ અનુભૂતિઓ તે આ જગતથી અલગ પ્રકારની ન હતી; એનાથી ઊલટું, એ અનુભૂતિઓ આ જગત સાથે એક પ્રકારનો આંતર તેમજ શાશ્વત સંબંધ ધરાવતી હતી....

મારે માટે સર્વ કંઇ બ્રહ્મન છે અને હું સર્વત્ર પ્રભુનાં દર્શન કરું છું.....

મારા યોગમાં પણ મેં જોયું છે કે બંને જગતોને-આધ્યાત્મિક તેમજ ભૌતિક મારા ક્ષેત્રમાં સમાવવાની મને પ્રેરણા પ્રાપ્ત થયેલી છે અને માનવના હૃદયમાં તથા પૃથ્વીના જીવનમાં દિવ્ય ચેતના તેમજ દિવ્ય શક્તિને પ્રસ્થાપિત કરવા માટેનો મને આદેશ મળ્યો છે. અને આમ કરવું તે વ્યક્તિગત મુક્તિ માટે નહિ પણ અહીં પૃથ્વી ઉપર દિવ્ય જીવન પ્રસ્થાપિત કરવાના હેતુસર કરવું એવી પણ સ્પષ્ટતા થયેલી છે.

❊

'ક્ષ' જેમ જણાવે છે તે મુજબ આશ્રમ એ આધ્યાત્મિક તેમજ અતિમાનસિક યોગ માટેની પ્રયોગશાળા છે અને માટે જ આશ્રમમાં માનવજાતિનું વૈવિધ્યસભર પ્રતિનિધિત્વ હોવું જ જોઈએ એ જરૂરી છે; કહો કે અનિવાર્ય છે. કારણ કે રૂપાંતરના પ્રશ્ને આપણે દરેક પ્રકારના તત્ત્વો સાથે (અનુકૂળ કે પ્રતિકૂળ) કામ પાડવાનું જ છે. ફક્ત સાત્ત્વિક અને સભ્ય લોકો જ યોગ કરવા આવે; જેમનામાં પ્રાણની બહુ મુશ્કેલીઓ ન હોય એવા જ લોકો અહીં આવે તો પછી પાર્થિવ પ્રકૃતિમાંના પ્રાણ તત્ત્વની મુશ્કેલીઓનો સામનો કરી એને પાર નહીં કરી શકવાને લીધે આખો પ્રયત્ન જ નિષ્ફળ જઈ શકે.... આશ્રમમાં જે લોકો છે તેઓ દરેક ક્ષેત્રમાંથી આવેલા છે અને દરેક પ્રકારનાં છે; અને એ એમ જ હોય, એનાથી જુદું હોઈ શકે જ નહિ.

સામૂહિક યોગમાં - જો કે પ્રત્યેક વ્યક્તિ માટે નહિ - જેમ દરેક ભૂમિકા પર કામ કરવામાં આવે છે, તેજ રીતે એમાં એની સઘળી મુશ્કેલીઓ પણ ઉત્પન્ન થતી હોય છે. આશ્રમમાં જે કંઈ બને છે, અને લોકો જેની સામૂહિક યોગમાં અપેક્ષા રાખતા નથી, એવી મોટાભાગની વસ્તુઓ અંગેના પ્રત્યુત્તર આમાંથી મળી રહેશે. 'પ્રયોગશાળા' માં જ્યારે પ્રાથમિક કાર્ય પૂરું થઈ જાય ત્યારે વસ્તુઓ બદલાવી જ જોઈએ.

સાધકોમાં જે કંઈ ખામીઓ હોય તે ઊર્ધ્વના પ્રકાશ દ્વારા જ દૂર થવી જોઈએ - સાત્ત્વિક નિયમ, ફક્ત એને અનુકૂળ થયેલી પ્રકૃતિઓને જ બદલી શકે.

❈

આ આશ્રમનું સર્જન આ પ્રકારની બીજી સંસ્થાઓનું જે ધ્યેય હોય છે એનાથી અલગ એવા ધ્યેય માટે કરવામાં આવ્યું છે. જગતના ત્યાગ માટે નહિ; એક જુદા જ પ્રકારના તથા જુદી કક્ષાના જીવનની ઉત્ક્રાંતિની તાલીમ માટેના કેન્દ્ર તેમજ ક્ષેત્ર તરીકે આ આશ્રમનો આવિર્ભાવ થયો છે, અને એ જીવન એની ચરિતાર્થતામાં ઊર્ધ્વ આધ્યાત્મિક ચેતના વડે દોરાતું જીવન હશે અને એ આત્માના મહત્તર જીવનને મૂર્ત સ્વરૂપ આપતું હશે.

❈

આ આશ્રમ બીજા આશ્રમો જેવો નથી - આશ્રમવાસીઓ સંન્યાસી નથી; મોક્ષ એ અહીંના યોગનું એકમાત્ર લક્ષ્ય નથી. અહીં જે થઈ રહ્યું છે એ છે એક **કાર્ય** માટેની તૈયારી-એવું કાર્ય જે યૌગિક ચેતના તથા યોગ-શક્તિ પર આધારિત હશે,- એ સિવાયની બીજી કોઈ વસ્તુ પર એ આધારિત હશે નહિ. દરમિયાનમાં અહીં, પ્રત્યેક આશ્રમવાસી પોતાની આધ્યાત્મિક તૈયારીના ભાગરૂપે આશ્રમમાં કંઈક કાર્ય કરતા રહે એવી એમની પાસે અપેક્ષા રાખવામાં આવે છે.

**શ્રી અરવિન્દ**

(SABCL Vol, 26, P-98, Vol-23, PP 856-57 & 847)



**Folder** : Arpan-03 **Next Folder** Arpan-08
**File** :-December-08 2nd Proof 19-11-08
Tr 18-11-08

# શ્રી અરવિન્દની મહાસમાધિ

(પોતે ઉપાડેલા રૂપાંતરના કાર્યમાં વધુ પૂર્ણ સહાય આપવાના હેતુસર શ્રી અરવિન્દે ૫, ડિસેમ્બર, ૧૯૫૦ના રોજ પોતાના દેહનો ત્યાગ કર્યો હતો. ૯, ડિસેમ્બર, ૧૯૫૦ના રોજ શ્રી અરવિન્દના દેહને આશ્રમના પ્રાંગણમાં સમાધિમાં મૂકવામાં આવ્યો હતો. એ પ્રસંગે શ્રી માતાજીએ ૭ ડિસેમ્બરના રોજ નીચે મુજબ સંદેશ આપ્યો હતો.)

❈

પ્રભુ, આજે સવારે આપે મને અભયવચન આપ્યું છે કે આપ, આપનું કાર્ય સિદ્ધ નહિ થાય ત્યાં સુધી અમારી સાથે જ રહેશો, અને તે માત્ર અમને દોરતી તથા પ્રકાશ આપતી એક ચેતના રૂપે જ નહિ, પરંતુ એક સક્રિય સાંનિધ્ય રૂપે આપ અમારી વચ્ચે કાર્ય કરતા રહેશો. આપે મને અતિ સ્પષ્ટ શબ્દોમાં વચન આપ્યું છે કે આપનું સારુંયે સ્વરૂપ અહીં વિદ્યમાન રહેશે અને આ પૃથ્વીનું જ્યાં સુધી રૂપાંતર સિદ્ધ નહિ થાય ત્યાં સુધી એ સ્વરૂપ પૃથ્વીના વાતાવરણમાંથી જતું રહેશે નહિ. તો અમારી પ્રાર્થના છે કે, અમે સૌ આ જગતમાંના આપના આ અદ્‌ભુત સાંનિધ્યને માટે સુયોગ્ય બની રહીએ, અને હવેથી અમારી અંદરનું એકે એક તત્ત્વ માત્ર એક જ સંકલ્પ ઉપર એકાગ્ર બની જાઓ કે અમે આપના ભવ્ય કાર્યને સિદ્ધ કરવાને માટે અમારું વધુ ને વધુ સંપૂર્ણપણે સમર્પણ કરતા થઈએ.

❈


આવિર્ભાવની શાશ્વત ગતિમાં દરેક અવતાર એ ભાવિના એક વધુ સંપૂર્ણ સાક્ષાત્કારનો માત્ર ઉદ્‌ઘોષ કરનાર, તેનો પુરોગામી હોય છે.

અને છતાં માણસોમાં હંમેશાં એવું વલણ રહે છે કે તેઓ ભાવિના અવતારની સામે વિરોધ કરીને ભૂતકાળના અવતારને દેવ તરીકે પૂજે છે.

હવે વળી ફરીથી શ્રી અરવિન્દ જગતને આવતી કાલના સાક્ષાત્કારની વાત કહેવાને આવ્યા છે, અને વળી ફરીથી એમના સંદેશની સામે, એમની પહેલાં જે જે પુરુષો આવી ગયા તેમને જે વિરોધ નડ્યો હતો તેવો જ વિરોધ થઈ રહ્યો છે.

પરંતુ શ્રી અરવિન્દે જે વસ્તુ પ્રગટ કરી છે તેનું સત્ય આવતી કાલે સિદ્ધ થવાનું છે અને તેમનું કાર્ય પૂર્ણ થશે.

❈





**Folder** : Arpan-03 **Next Folder** Arpan-08
**File** :-December-08 2nd Proof 19-11-08
Tr 18-11-08

શ્રી અરવિન્દ પરમ તત્ત્વમાંથી પૃથ્વી ઉપર નૂતન માનવજાતિ અને નૂતન જગતના આવિર્ભાવની ઘોષણા કરવા આવ્યા છે.

આપણે પૂરી સત્યનિષ્ઠા અને આતુરતાપૂર્વક એ આવિર્ભાવ માટે તૈયારી કરીએ.

❀

શ્રી અરવિન્દ ભવિષ્યના પ્રતિનિધિ છે, પયગમ્બર છે. પરમાત્માના સંકલ્પ મુજબના ભવ્ય ભાવિનું જે નિર્માણ થઈ રહ્યું છે એને ઝડપથી સાક્ષાત કરવા માટેના માર્ગનું માર્ગદર્શન તેઓ હજુ પણ આપણને કરી રહ્યા છે.

❀

પૃથ્વી માટે સર્વ પ્રકાશ, જ્ઞાન અને શક્તિ જે ઉદારતાપૂર્વક તેઓ લઈ આવ્યા છે તે માટે તેમના પ્રત્યે આપણી કૃતજ્ઞતાની લાગણી અભિવ્યક્ત કરવાની શ્રેષ્ઠ રીત એ છે કે તેમના તત્ત્વદર્શનને સારી રીતે સમજવું અને એને આચરણમાં મૂકવાનો પ્રયત્ન કરવો.

**શ્રી માતાજી**

(CWM-Vol-13-P-6, 22, 19, 14 & 16)

❀

**પૃથ્વીના ઇતિહાસના છેક આરંભકાળથી શ્રી અરવિન્દ એક કે બીજા રૂપે, એક કે બીજા નામ હેઠળ, પૃથ્વી પર થતાં રહેલાં મહાન પરિવર્તનોમાં હમેશાં અધ્યક્ષ સ્થાને રહેલા છે.**

**શ્રી માતાજી**



**Folder** : Arpan-03 **Next Folder** Arpan-08
**File** :-December-08 2nd Proof 19-11-08
Tr 18-11-08



# સૃષ્ટિને તેની જડતામાંથી બહાર લાવવી

મૃત્યુએ આ જગતનું સર્જન એટલા માટે કર્યું હતું કે એમ કરીને જ એ પોતે જીવન ધારણ કરી રહે. તું શું મૃત્યુનો ધ્વંસ કરીશ ? તો તો પછી જીવન માત્રનો વિનાશ થઈ જશે. મૃત્યુનો ધ્વંસ કરવાનું તો તારાથી નહિ બની શકે, પરંતુ તું એનું એક ઉચ્ચતર જીવનમાં રૂપાંતર કરી શકીશ ખરો.

આ વિશ્વનું સર્જન ક્રૂરતાએ, ક્રૂરતા પોતે પ્રેમ કરી શકે તે માટે કરેલું. તું શું ક્રૂરતાનો વિનાશ કરીશ ? તો તો પ્રેમ પણ નાશ પામશે. તું ક્રૂરતાનો વિધ્વંસ તો નહિ કરી શકે, પરંતુ એનું રૂપાંતર તેના ઊલટા સ્વરૂપમાં, એક ઉત્કટ પ્રેમ અને આનંદસભરતામાં કરી શકીશ.

આ વિશ્વનું સર્જન અજ્ઞાન અને ક્ષતિ દ્વારા કરવામાં આવેલું. કારણકે તેમને જ્ઞાન પામવું હતું. તું શું અજ્ઞાન અને ક્ષતિનું નિવારણ કરી શકીશ ? તો તો પછી જ્ઞાન પણ નાશ પામશે. તું અજ્ઞાન અને ક્ષતિનો વિધ્વંસ ન કરી શકે પરંતુ એનું એક ગહન અને પ્રભાયુક્ત પરમ પ્રજ્ઞામાં રૂપાંતર તો કરી શકાશે.

જો એકલું જીવન જ હોત અને મૃત્યુ ન હોત, તો અમર્ત્યતા જેવું કાંઈ ન હોત; જો કેવળ પ્રેમ માત્ર હોત અને ક્રૂરતા ન હોત તો સુખાનુભવ પણ મોળો અને ક્ષણભંગુર હોત. જો કેવળ બુદ્ધિ જ હોત તો આપણી ઉચ્ચતમ સિદ્ધિ એક મર્યાદિત તર્કબદ્ધ જ્ઞાન અને દુનિયાદારીના ડહાપણથી વધુ કાંઈ ન હોત.

મૃત્યુનું રૂપાંતર કર્યાથી જ અમૃતમય જીવન સંભવી શકે છે; ક્રૂરતાનું રૂપાંતર કર્યાથી જ એક અસહ્ય સરખો ઉત્કટ પ્રેમ સંભવી શકે છે; અજ્ઞાનનું રૂપાંતર કરવાથી જ તે જ્ઞાન અને ડહાપણની મર્યાદાઓને વટાવીને એક જ્યોતિર્મયતાનું રૂપ ધારણ કરે છે.

**શ્રી માતાજી :** આમાં એ જ વિચાર* રહેલો છે. એટલે કે વિરોધાભાસ અને પ્રતિભાસ વડે જ પ્રગતિ કરવાનું પ્રોત્સાહન મળે છે. કારણ કે એમ કહેવું કે ક્રૂરતા વિનાનો પ્રેમ મોળો પડે એ તો.... પ્રેમનું તત્ત્વ તો આવિર્ભૂત અને અનાવિર્ભૂત વિશ્વને પેલે પાર રહેલું છે અને એને તો મોળાપણા કે ક્રૂરતા સાથે

* આ આખો પેરેગ્રાફ બુલેટિનમાં (એપ્રિલ ૧૯૬૩) અંગ્રેજીમાં નથી, પરંતુ ફ્રેન્ચમાં છે, માટે તેનું ભાષાંતર અહીં સમાવી લીધું છે.

કશો જ સંબંધ નથી. શ્રી અરવિન્દનો ખ્યાલ તો કેવળ એવો જ જણાય છે કે આ રીતના વિરોધાભાસો દ્વારા પાર્થિવ તત્ત્વને ઘડવાનું કાર્ય બહુ ઝડપી અને અસરકારક થવાથી એનો આવિર્ભાવ પણ સઘન રીતનો થઈ શકે છે.

અનુભૂતિની દૃષ્ટિએ જોતાં એ વસ્તુ તદ્દન સાચી છે, એટલે કે, સૌ પ્રથમ, જ્યારે આપણે શાશ્વત અને પરમ પ્રેમના સંબંધમાં આવીએ છીએ, ત્યારે આપણને તરત જ એવી લાગણી, એવું સંવેદન થાય છે, એને શી રીતે વર્ણવવું ? એ કોઈ પ્રકારની સમજવાની વાત નથી હોતી, એ એક સઘન વસ્તુ હોય છે; અને એમાં એવું બને છે કે પાર્થિવ ચેતનાને ગમે તેટલી ઘડી ઘડીને તૈયાર કરી હોય, ગમે તેટલી આલોકિત કરેલી હોય તો પણ એ પેલા તર્કનો આવિર્ભાવ કરવાને માટે અસમર્થ હોય છે. આપણી સૌ પ્રથમની લાગણી તો આ પ્રકારની અસમર્થતાની હોય છે. પછી એક અનુભૂતિ આવે છે; એ એક એવા રૂપમાં પ્રગટ થાય છે કે જેને આપણે ''ક્રૂરતા'' શબ્દથી જે વસ્તુ સમજીએ છીએ તે વસ્તુ તો એ નથી હોતી પરંતુ સમગ્રપણે પરિસ્થિતિને લક્ષમાં લેતાં એ આંદોલન એવા પ્રકારનું લાગે છે કે અમુક રીતની ઉગ્રતાપૂર્વક, જાણે કે, એ અહીં જે રીતનો પ્રેમનો આવિર્ભાવ થયેલો છે તેનો અસ્વીકાર કરે છે. એને સપષ્ટ રીતે કહેવું હોય તો એ વસ્તુ ભૌતિક જગતમાં રહેલી કોઈ એવી વસ્તુ હોય છે કે જે, અત્યારે જે પ્રકારનો પ્રેમ અસ્તિત્વમાં છે તેના આવિર્ભાવનો વિરોધ કરે છે. આ હું સામાન્ય જગતની વાત કરતી નથી, હું તો અત્યારે ચેતનાની જે ઉચ્ચતમ અવસ્થા છે તેની વાત કરું છું. આ એક અનુભૂતિ છે, હું આ એક બનેલી ઘટનાને અનુલક્ષીને કહું છું. એટલે પછી એમ બને છે કે ચેતનાના જે ભાગ ઉપર આ પ્રકારના વિરોધીભાવનો આઘાત થાય છે, તે ભાગ, પ્રેમના આદિમ ઉદ્‌ગમસ્થાન એક એવા આર્તભાવપૂર્વક સાદ કરે છે, એવી ઉત્કટતાપર્વક પુકાર કરે છે કે જે, જો તેને આ પ્રકારના અસ્વીકારનો અનુભવ થયો ન હોત તો ન કરત, એટલે પછી મર્યાદાઓ તૂટી પડે છે અને એવા તો પૂર વરસી પડે છે કે જે આમ બન્યા સિવાય આવિર્ભૂત ન થઈ શકયાં હોત; અને એ રીતે એક એવી વસ્તુ પ્રગટ થાય છે જે એ અગાઉ કદી પણ પ્રગટ થયેલી નથી.

આપણે જ્યારે આ વસ્તુ જોઈએ છીએ ત્યારે આપણે જેને જીવન અને મૃત્યુ કહીએ છીએ તેની દૃષ્ટિએ, દેખીતી રીતે એક સરખો લાગતો અનુભવ થાય છે. એમાં જેમ ''સાવિત્રી'' માં કહ્યું છે તેમ આપણે સતતપણે મૃત્યુની હાજરી અને શક્યતા વિશે ''મનન'' કર્યા કરતાં હોઈએ છીએ : આપણી પારણાથી માંડીને સ્મશાન સુધીની જીવનયાત્રામાં મૃત્યુ આપણો કાયમી સંગાથી રહે છે; આપણી સાથે મૃત્યુની બીક અથવા હાજરી સતતપણે રહેલી હોય છે. અને પાછું આની સાથે જ, આપણા કોષાણુઓમાં એક ઉત્કટ પ્રકારનો શાશ્વતીની શક્તિ પ્રત્યેનો



**Folder** : Arpan-03 **Next Folder** Arpan-08
**File** :-December-08 2nd Proof 19-11-08
Tr 18-11-08

પુકાર વિદ્યમાન રહે છે. જો મૃત્યુનો ભય આમ સતતપણે તોળાઈ રહેલો ન હોત તો તેમાં એટલી બધી ઉત્કટતા ન આવત. ત્યારે પછી આપણને સમજાય છે કે, આપણને તદ્દન સઘનપણે એવી લાગણી અનુભવાય છે કે આ બધી વસ્તુઓ આવિર્ભાવને સઘન બનાવવા માટેના, તેને પ્રગતિપૂર્ણ બનાવવાના, એને વધુ સંપૂર્ણ બનાવવા માટેના માર્ગ માત્ર છે. અને જો એમ કરવા માટેનાં સાધનો ગ્રામ્ય છે એમ લાગતું હોય તો એનું કારણ એ છે કે આવિર્ભાવ પોતે પણ હજી અપરિપક્વ છે. એ આવિર્ભાવ જેમ જેમ વધુ પૂર્ણ થતો જશે અને જે શાશ્વત પ્રગતિમંત તત્ત્વ છે તેની અભિવ્યક્તિ કરવાને માટે લાયક બનતો જશે, તેમ તેમ જે તદ્દન ગ્રામ્ય પ્રકારનાં સાધનો છે તેમને સ્થાને સૂક્ષ્મ સાધનો આવશે અને આ પ્રકારના પાશવી વિરોધી ભાવોના ઉપયોગ વિના પણ જગતની પ્રગતિ થતી જશે. અત્યારની પરિસ્થિતિ તો જગત અને માનવની ચેતના તેમની શૈશવકાળની અવસ્થામાં છે તેને કારણે છે.

આ એક અત્યંત સઘન અનુભૂતિ છે. એનો અર્થ એ કે જ્યારે પ્રગતિ કરવાને માટે પૃથ્વી ઉપર મૃત્યુની આવશ્યક્તા નહિ રહે, ત્યારે મૃત્યુ પણ નહિ રહે. જ્યારે પ્રગતિ કરવા માટે દુઃખની જરૂર નહિ રહે ત્યારે દુઃખ પણ નહિ રહે. અને પ્રેમ પ્રાપ્ત કરવા માટે તિરસ્કારની જરૂર નહિ રહે ત્યારે પછી તિરસ્કાર પણ નહિ રહે.

(મૌન)

સૃષ્ટિને તેની જડતામાંથી બહાર લાવવા માટે આ સાધન અત્યંત ઝડપી અને અસરકારક છે એ જ તેને તેની ચરિતાર્થતા પ્રત્યે દોરી જાય છે.

(લાંબુ મૌન)

આ સૃષ્ટિ સર્જનનું એક એવું પાસું છે, એ કદાચ હજી હમણાંનું પણ હોય, જેમાં આ સર્વ અવ્યવસ્થાઓ, ગોટાળા, વિસંવાદો અને ગૂંચવણોમાંથી નાસી છૂટવાની જરૂરિયાત દર્શાવે છે : આ એક એવો ગોટાળો અને અવ્યવસ્થા છે જે અનેક પ્રકારનાં શક્ય તેટલાં રૂપ ધારણ કરે છે; એમાં સંઘર્ષ, નિષ્ફળ પ્રયત્નો, બગાડ, એવું બધું હોય છે. એનો આધાર તમે કઈ ભૂમિકામાં છો તેના ઉપર રહે છે, પરંતુ ભૌતિક જગતમાં, તેની ગતિમાં તો સર્વ કાંઈ અર્થહીન ગૂંચવણો, સાધનો અને શક્તિઓનો દુર્વ્યય, સમયનો દુર્વ્યય, અણસમજ, ગેરસમજૂતિઓ, ગોટાળાઓ અને અવ્યવસ્થાનું જ રાજ્ય ચાલતું લાગે છે. આ વસ્તુને જ વેદોમાં વક્રતા કહેલી છે. આ શબ્દનો બરાબર પર્યાય હું જાણતી નથી, એ કોઈ મચડાઈ ગયેલી વસ્તુ છે. એ સીધી સીધી પોતાના લક્ષ્યબિંદુ પ્રત્યે ગતિ કરવાને બદલે નિરર્થક ખાંચાખૂંચી વાળી, આડી-અવળી ગતિ કરે છે. શુદ્ધ દૈવી કર્મની વિરોધી વસ્તુઓમાંની એક તે આ વસ્તુ હોય છે. એ સંવાદપૂર્ણ સરલતા, શિશુસમ

સરલતાથી વિરુદ્ધની હોય છે. સીધી, અર્થહીન અને તદ્દન બિનજરૂરી ગુલાંટબાજી વિનાની હોતી નથી. ત્યારે અહીં સ્પષ્ટપણે આ જ વસ્તુ છે : શુદ્ધ દૈવી સરળતાને ઉત્તેજવા માટે અવ્યવસ્થાનો ઉપયોગ એ એક માર્ગ કરે છે.

આ દેહને અત્યંત તીવ્રપણે, ખૂબ સઘનપણે એમ લાગે છે કે સર્વ કાંઈ અત્યંત સરલ, ખૂબ સરલ હોઈ શકે !

અને એટલે જ, આ પ્રકારનો વ્યક્તિભૂત સંઘાત, આપણું આ સ્વરૂપ, રૂપાંતર પામી શકે એટલા માટે એણે ખૂબ ખૂબ સરલ, અત્યંત સરલ થઈ રહેવું આવશ્યક છે. અત્યારે હવે વૈજ્ઞાનિકો, પ્રકૃતિની આ સર્વ સંકુલતાઓને સમજવા લાગ્યા છે અને તેમનો અભયાસ કરવા લાગ્યા છે. એ સર્વ વસ્તુઓ જરા જેટલી વસ્તુની બાબતમાં પણ અત્યંત ગૂંચવણભરી જણાય છે, આપણાં નાનામાં નાનાં કાર્યો પણ એવી ગૂંચવણભરી વ્યવસ્થાનાં પરિણામ હોય છે કે જેને વિશે વિચાર કરવો લગભગ અશક્યવત્ છે; આ સર્વ વસ્તુઓની યોજના કરવી અને ગોઠવવી એ વસ્તુ, માનવ બુદ્ધિને માટે તો અશક્ય જ છે. હવે વિજ્ઞાન તેમને શોધી રહ્યું છે, અને આપણને સ્પષ્ટપણે જણાય છે કે જો આ સર્વ કાર્યકલાપ જો દિવ્ય બનાવવાનો હોય, એટલે કે, એણે જો આ ગેરવ્યવસ્થા અને ગૂંચવણોમાંથી મુક્તિ મેળવવી હોય તો એને સરળ, સરળ, સરળ બનાવવો જોઈએ.

(લાંબુ મૌન)

કહેવાનો ભાવાર્થ એ છે કે પ્રકૃતિને અથવા તો આ રીતે પોતાનો આવિર્ભાવ કરવાનો પ્રયત્ન કરતી પ્રકૃતિને, સૌથી પ્રથમની સરળ, સહજતાને પ્રગટ કરવા માટે એક તદ્દન અકલ્પ્ય અને લગભગ અનંત સંકુલતાનો આશ્રય લેવો પડ્યો હતો.

અને ફરીને પાછા આપણે એ જ વાત ઉપર આવી જઈએ છીએ. આ પ્રકારની વધુ પડતી સંકુલતામાંથી જ એક એવી સરળતાની શક્યતા ઊભી થાય છે જે ખાલી નહિ પરંતુ સભર હશે, એક પરિપૂર્ણ સહજતા, એવી સરળતા જેમાં સર્વ કાંઈ સમાઈ જાય; અને આ પ્રકારની સંકુલતાઓ વિના સરળતા ખાલીખમ બની જાય તેમ છે.

હવે આપણે એવાં સંશોધનો કરી રહ્યાં છીએ. દાખલા તરીકે, શરીરશાસ્ત્રની વાત લઈએ તો, એ લોકો માની ન શકાય તેવી ગૂંચવણભરી શલ્યચિકિત્સા પદ્ધતિનાં સંશોધન કરી રહ્યાં છે ! એ વસ્તુ એમના પદાર્થતત્ત્વના વર્ગીકરણ જેવું છે. કેટલો ભયંકર ગૂંચવાડો ! અને આ બધું કેવળ એટલા માટે કે.... એક એકતા, સરળતાને પ્રગટ કરવા માટેનો, દિવ્ય અવસ્થાને પ્રગટ કરવાનો, પ્રયત્ન કરવા માટે.

(મૌન)



**Folder** : Arpan-03 **Next Folder** Arpan-08
**File** :-December-08 2nd Proof 19-11-08
Tr 18-11-08

કદાચ આ વસ્તુ ઝડપથી બનશે..... પરંતુ પ્રશ્ન અહીં આવીને ઊભો રહે છે, એક પૂરતા પ્રમાણમાં, તીવ્ર અને અસરકારક અભીપ્સા હોવી જોઈએ જેને લઈને પેલું તત્ આકર્ષાઈ આવીને ગૂંચવાડાને સરળતામાં, ક્રૂરતાને પ્રેમમાં, વગેરે રૂપાંતરની ક્રિયાઓ સિદ્ધ કરી શકે.

અને આમાં આપણે ફરિયાદો કરીએ અને કહીએ કે આ એક કમનસીબ બાબત છે તો એથી કશો હેતુ સરવાનો નથી, કારણકે વસ્તુસ્થિતિ એવી જ છે. એમ કેમ છે ?.... કદાચ, જ્યારે વસ્તુસ્થિતિ આવી નહિ રહે ત્યારે આપણને જાણ થશે. આપણે એને બીજી રીતે કહી શકીએ : જો આપણે જાણતા હોત તો પછી એવું રહેત જ નહિ.

એટલે પછી એવા તર્ક લડાવવા કે ''જો આમ ન હોત તો સારું, વગેરે'' એ બધી બિનવ્યવહારુ અને કશા ખપ વિનાની, નકામી વાતો છે.

આપણે ઉતાવળ કરીને આ પરિસ્થિતિનો અંત લાવવો, એ જ માત્ર જરૂરી છે; એ જ વ્યવહારુ વસ્તુ છે.

**શ્રી માતાજી**

(શ્રી માતૃવાણી ગ્રંથ-૧૦ પૃષ્ઠ-૧૮૮ થી ૧૯૨)

❀

**પ્રશ્ન : મધુર માતાજી, વ્યક્તિએ ૫ ને ૯ ડિસેમ્બરના દર્શન દિવસો કેવી રીતે પસાર કરવા જોઈએ ? અને પોતાનો જન્મદિવસ ?**

**ઉત્તર : સામાન્ય જ્ઞાન કરતાં વધુ સત્ય એવા જ્ઞાનની શોધમાં.**
**૫ ને ૯ ડિસેમ્બર, મૃત્યુ શું છે એની સમજ પ્રાપ્ત કરવામાં.**
**જન્મદિવસ જીવનનો હેતુ શું છે એ શોધી નાખવામાં.**

**૧૩, ડિસેમ્બર, ૧૯૬૯** **શ્રી માતાજી**

# છેવટની પસંદગી

(૧) કશી મહત્ત્વાકાંક્ષા ન રાખીશ, અને ખાસ તો કશી પણ બાબતોનો દંભ ન કરીશ, પણ તું જે કાંઈ બની શકે તેમ હો તે પ્રત્યેક ક્ષણે વધુમાં વધુ બની રહે.

(૨) આ વિશ્વના આવિર્ભાવમાં તારું સ્થાન શું છે એ બાબત તો કેવળ પરમાત્મા જ તારે માટે નક્કી કરશે.

(૩) આ વિશ્વના વૃંદસંગીતમાં તારું સ્થાન શું છે એ તો પરમાત્માએ અફર રીતે નક્કી કરી દીધેલું છે. એ સ્થાન ભલે ગમે તે હો, પણ બીજા સૌની પેઠે તને પણ અતિમાનસ સુધીનાં પરમોચ્ચ શૃંગો સુધી ચડવાનો તેમના જેટલો જ હક્ક છે.

(૪) તું તારા સ્વરૂપના સત્યમાં શું છે એ વાત તો એક અફર રીતે નક્કી થઈ ચૂકેલી છે. એ વસ્તુ બની રહેવામાં તને કોઈ પણ વસ્તુ, કોઈ પણ માણસ અટકાવી શકે તેમ નથી. પરંતુ એ સ્થિતિમાં પહોંચવા માટે તારે કયો માર્ગ લેવો એ તારી મુક્ત પસંદગીની વાત છે.

(૫) ઊર્ધ્વમાં જઈ રહેલા વિકાસક્રમના પથે આગળ વધવામાં માણસે કઈ દિશા લેવી એ પસંદ કરવાની હરેકને સ્વતંત્રતા રહેલી છે : સત્યનાં શિખરો તરફ, પરમ સાક્ષાત્કાર તરફ જતી આરોહણની ઝડપી અને સીધાં ચડાણની દિશા લેવી કે પછી એ શિખરો તરફ પૂંઠ કરી દઈને, અનેકાનેક જન્મજન્માંતરોવાળી અંતહીન આડીઅવળી ગતિમાં લઈ જતી સહેલા ઉતરાણની દિશા લેવી – આ તારે પોતે પસંદ કરવાનું છે.

(૬) કાળના વહેતા પ્રવાહમાં તેમ જ તારા અત્યારના જીવનમાં પણ તું તારે પોતાને માટેનો એક આખરી નિર્ણય, એક અફર નિર્ણય લઈ શકે છે અને પછી તો માત્ર તારે હરેક નવા નવા પ્રસંગે એ નિર્ણયને વધુ ને વધુ દૃઢ કરવાનો રહે છે. અથવા એમ પણ બને કે તું આરંભમાં આખરી નિર્ણય ન લે અને તે પછી તો તારે હરેક પળે અસત્ય અને સત્ય વચ્ચે પસંદગી કરવાની રહેશે.

(૭) પણ તેં આરંભમાં આખરી નિર્ણય ભલે ન પણ લીધો હોય છતાં જો તારા સદ્ભાગ્યે, સૃષ્ટિના ઇતિહાસની એ અસાધારણ ક્ષણે, પૃથ્વી ઉપર જ્યારે પ્રભુ-કૃપા અવતાર લઈને હાજર રહી હોય એવે સમયે તને જન્મ મળ્યો હશે તો એ કૃપા તને ફરી એક વાર, કોઈ અસાધારણ ક્ષણોમાં, પાછી આખરી પસંદગી કરી લેવાની શક્યતા મેળવી આપશે અને એ પસંદગી તને સીધો લક્ષ્ય પ્રત્યે લઈ જશે.

**શ્રી માતાજી**

(શ્રી માતૃવાણી ગ્રંથ-૧૨ પૃષ્ઠ - ૩૫૮ થી ૩૫૯)



**Folder** : Arpan-03 **Next Folder** Arpan-08
**File** :-December-08 2nd Proof 19-11-08
Tr 18-11-08

# અસંતુષ્ટ અહંકારને માર્ગદર્શન

મારે મૃત્યુને સ્વીકારવું કે પાછા વળીને તેની સાથે કુસ્તી કરીને વિજય પ્રાપ્ત કરવો ! આ વસ્તુનો નિર્ણય મારી અંદર વસતા પ્રભુની પસંદગી અનુસાર કરીશ, કારણ કે હું જીવું કે મરું, પણ મારું અસ્તિત્વ તો રહેવાનું જ છે.

તો પછી તું જેને મૃત્યુ કહે છે તે શું છે ? પ્રભુ શું મરી જઈ શકે છે ? હે મૃત્યુથી ડરતા માનવી, જીવન, મૃત્યુનું મ્હોરું પહેરીને, ભયનો બુરખો ધારણ કરીને તારી સાથે ખેલ કરવાને આવેલું છે.

શારીરિક અમરતા પ્રાપ્ત કરવાનો ઉપાય પણ છે. આપણે પસંદ કરીએ તો જ મૃત્યુ આવે, પ્રકૃતિએ આપણા પર લાદેલી તે ફરજિયાત વસ્તુ ન બને, પરંતુ સો વર્ષ સુધી એકનું એક પહેરણ પહેરવું કોને ગમે ? લાંબી શાશ્વતી સુધી એક સંકુચિત અને અપરિવર્તનશીલ મકાનમાં રહેવું કોને ગમે ?

❀

**બાળક :** જો કોઈ વ્યક્તિને એમ લાગે કે તેનું આ જીવનનું કાર્ય પૂરું થયું છે અને હવે તેને બીજું કાંઈ કરવાનું બાકી નથી, તો પછી એક ધ્યેયહીન અસ્તિત્વને લંબાવ્યે જવા કરતાં એને માટે મરી જઈને ફરીથી જન્મ લેવો એ વધુ સારું ન કહેવાય ?

**શ્રી માતાજી :** જ્યારે અસંતુષ્ટ અહંકારને એમ લાગે છે કે પોતે ઈચ્છે તે પ્રમાણે વસ્તુઓ બની રહી નથી ત્યારે તે આવું પૂછે છે.

પરંતુ જે પ્રભુનો છે અને સત્યને અર્થે જીવવા ચાહે છે તે જાણે છે કે જ્યાં સુધી આ પૃથ્વી ઉપર તેની ઉપયોગિતા હશે ત્યાં સુધી પ્રભુ તેને જીવતો રાખશે અને જ્યારે તેણે અહીં કંઈ કરવાનું નહિ હોય ત્યારે તેને ઉપાડી લેશે. એટલે આ પ્રશ્ન જ ઊભો થઈ શકતો નથી, કારણ કે પ્રભુની પરમ પ્રજ્ઞા ઉપરના અવિચલ વિશ્વાસ સાથે એ શાંતિપૂર્વક જીવી રહેશે.

**શ્રી માતાજી**

(શ્રી માતૃવાણી ગ્રંથ-૧૦ પૃષ્ઠ ૩૬૪-૬૫)

# શુદ્ધતા

'શુદ્ધતા' એટલે 'પૂરેપૂરી રીતે ઈશ્વરની અસર હેઠળ રહેવું.' માત્ર ઈશ્વરનો જ આવિર્ભાવ.

❀

ઈશ્વરની અસર સિવાય બીજી કોઈ પણ અસરનો સ્વીકાર ન કરવો, આ છે શુદ્ધતા.

❀

વ્યક્તિ જો માત્ર ઈશ્વરને ખાતર જ, ઈશ્વરના દ્વારા જ જીવન જીવે તો સંપૂર્ણ શુદ્ધતા એની સાથેસાથે આવી મળે છે.

❀

ભૂતકાળ ગમે તેવો હોય, ગમે તેવી ભૂલો કરી હોય, ગમે તેવા અજ્ઞાનમાં વ્યક્તિએ જીવન ધારણ કર્યું હોય, છતાં વ્યક્તિના પોતાના અંતરનાં ઊંડાણમાં એક પરમ શુદ્ધતા આવી રહેલી હોય છે, જે ચમત્કારપૂર્ણ સાક્ષાત્કારમાં પરિણમી શકે છે.

❀

વધુ ને વધુ માત્રામાં આત્મ-પરિપૂર્ણતાની અવસ્થામાં જીવન ધારણ કરવું એ જ છે પરિપૂર્ણ વિશુદ્ધિ.

**શ્રી માતાજી**

(CWM Vol-10-P-296, Vol-14, P-156, Vol-3, P-215, Vol-9, P-119)



**Folder** : Arpan-03 **Next Folder** Arpan-08
**File** :-December-08 2nd Proof 19-11-08
Tr 18-11-08

### પ્રકરણ પાંચમું

# ગીતાના બોધનો મર્મ

## કુરુક્ષેત્ર

### (ગતાંકથી ચાલુ)

સંગ્રામને જીવનના એક અંગ તરીકે અને યોદ્ધાને આદર્શ માનવ તરીકે સ્વીકારવાનો જર્મન તત્ત્વવેત્તા નિટ્સે આગ્રહ કરે છે. નિટ્સે કહે છે કે વિકાસની આરંભદશામાં માનવ ઊંટના જેવો ભલે હોય, હવે પછી તે બાળક જેવો (નિર્દોષ) થવાનો હોય તે પણ ભલે, પરંતુ તેણે પૂર્ણતા પ્રાપ્ત કરવી હશે તો તેણે સિંહ જેવા બનવું જોઈશે. એના આ વિચારને આજકાલ ઘણો ઉતારી પાડવામાં આવે છે, એની વિરુદ્ધ પણ ઘણું ઘણું કહેવાય છે તથા નિટ્સેએ એ વિચારમાંથી જે નીતિના ને બીજા વ્યવહારુ નિર્ણયો તારવ્યા છે તેનાથી આપણે ખૂબ જુદા પડીએ એ પણ શક્ય છે. પરંતુ તે છતાં એના વિચારતત્ત્વની પાછળ આપણાથી નકારી ન શકાય એવું એક સત્ય આવી રહેલું છે. અને સામાન્ય રીતે જે સત્યને આપણે નજર આગળથી સંતાડવા ઇચ્છીએ એવા એક સત્યની એ આપણને યાદ દેવડાવે છે એમાં તો શંકા નથી. એ વિચાર આપણને એ સત્યની યાદ આપે છે તે એક રીતે સારું છે. એનું પ્રથમ કારણ એ છે કે એ સત્યનું દર્શન કરવાથી પ્રત્યેક સમર્થ આત્માના ઉપર બળપ્રદ અસર થાય છે. અને તેથી અતિ મધુર અને પોચટ એવી મીમાંસા, ધર્મ કે નીતિમાંથી જન્મતી લાગણીપ્રધાનતાથી તે આપણને બચાવી લે છે. એ લાગણીવેડાવાળી દૃષ્ટિને સમગ્ર પ્રકૃતિ પ્રેમના આવિર્ભાવ તરીકે, પ્રેમસ્વરૂપે જોવી ગમે છે, જીવનસમસ્ત તેને સૌંદર્ય અને શિવમય જોવું ગમે છે. પરંતુ જીવનના બહુરૂપીના વેશરૂપ મૃત્યુ પ્રત્યે એને ઘૃણા થાય છે. એવા માનવો પ્રભુને શિવ તરીકે ભજે છે પણ રુદ્ર તરીકે એ જ પ્રભુને ભજવાની ના પાડે છે. મૃત્યુ અને વિનાશની બનેલી એ વાસ્તવિક્તા પ્રત્યે આપણે દૃષ્ટિ કરવી આવશ્યક છે, એનું બીજું કારણ એ છે કે જે આપણામાં જીવન જેવું છે તેવું, સીધે સીધું જોવાની શક્તિ, તેના પ્રત્યે સીધી નજર માંડી શકે એટલી પ્રમાણિકતા અને હિંમત આપણે નહિ પ્રાપ્ત કર્યાં હોય તો જીવનના વિસંવાદો અને વિરોધોનો અસરકારક ઉપાય આપણે કદી શોધી શકવાના નથી. પ્રથમ તો આપણે જીવન અને જગત શી ચીજ છે તે જોવું

જોઈએ, ત્યાર પછી તે જેવાં હોવાં જોઈએ એમાં એમનું રૂપાંતર સિદ્ધ કરવાના પ્રયત્નો આપણે વધારે સારી રીતે કરી શકીશું. જીવનના આ વિનાશ ને મૃત્યુના ઘૃણા ઉપજાવે એવા સ્વરૂપમાં જો આખરી સંવાદનું કોઈ રહસ્ય છુપાઈ રહ્યું હશે તો તેની અવગણના કરવાથી કે એના પ્રત્યે ઢાંકપિછોડો કરવાથી આપણે તે રહસ્ય ગુમાવી બેસીશું. તથા જીવનના કોયડાનો ઉકેલ લાવવામાં આપણી લાગણીને પંપાળવા જતાં એ કોયડાનાં વાસ્તવિક તત્ત્વો પ્રત્યે આપણે નજર નહિ કરીએ. અને એને લઇને આપણા સઘળા પ્રયત્નો નિષ્ફળ જશે. વળી એ વિનાશ અને મૃત્યુ આપણા શત્રુ જ હોય અને આખરે આપણે તેમને મારી હઠાવવાના જ હોય, એમને પગતળે કચડવાના હોય, જીવનના ક્ષેત્રની બહાર ફેંકી દેવાના હોય, કે એમનો સમૂળો છેદ ઉડાવી દેવાનો હોય, તોપણ એનામાં જે તાકાત રહેલી છે તેની અવગણના કરવાથી, યા તો જીવન ઉપરની એની પકડની શક્તિને પૂરેપૂરી નહિ પિછાનવાથી, અથવા તો માનવના ભૂતકાળમાં એ કેટલી દૃઢપણે પ્રતિષ્ઠિત છે, અને જીવનનાં અત્યારનાં સક્રિય તત્ત્વોમાં એ કેટલી બળવાન છે, એ હકીકતને અવગણવાથી આપણને કશો જ લાભ થશે નહીં.

સંગ્રામ અને વિનાશ આપણા જીવનના કેવળ પાર્થિવ સ્વરૂપમાં વ્યાપી રહેલ વિશ્વનિયમ છે એટલું જ નથી, પણ આપણા માનસિક અને નૈતિક જીવનમાં પણ એ નિયમ પ્રવર્તે છે. એ તો દેખીતું સત્ય છે, કે માનવના માનસિક, સામાજિક, રાજકીય અને નૈતિક વગેરે જીવનનાં પ્રત્યક્ષ ક્ષેત્રોમાં આપણે સંગ્રામ વગર, કસાકસી વગર સાચી પ્રગતિ પ્રત્યે ડગલું પણ ભરી શકતા નથી : જીવનના પ્રત્યેક ક્ષેત્રમાં જે વસ્તુઓ અત્યારે છે, અને ત્યાં પોતાનું જીવન ટકાવી રહેલી છે, તથા જે વસ્તુઓ જીવનમાં પ્રવેશ કરવા માગે છે, જીવન ધારણ કરવા મથી રહેલી છે, તથા એ બન્નેની પાછળ આવી રહેલ કોઈ પરમ તત્ત્વ જે હોય, એ ત્રણેની વચ્ચે સંઘર્ષ થયા વિના કશી પ્રગતિ સાધી શકાતી નથી. અત્યારે માનવ જેવો છે તથા વસ્તુસ્થિતિ જે પ્રકારની પ્રવર્તે છે તે જોતાં તો પ્રગતિ કરવી, વિકાસ પામવો અને સાથે સાથે જે અહિંસાને આપણી આગળ વર્તનના સૌથી ઊંચા અને સારમાં સારા ધોરણ તરીકે મૂકવામાં આવે છે તેનું સાચી રીતે અને નિર્ભેળપણે પાલન કરવું એ અસંભવિત છે. કોઈ એમ કહેશે કે ''અમે તો કેવળ આત્મબળનો જ પ્રયોગ કરીશું અને સ્થૂળ હિંસાનો આશ્રય લઈને બચાવ કરવા ખાતર પણ કોઇ પ્રકારની હિંસા કદી નહિ કરીએ.'' વારુ, પરંતુ જ્યાં સુધી તમારું આત્મબળ અસરકારક બને નહિ, ત્યાં સુધી તો માનવોમાં અને પ્રજાઓમાં રહેલી આસુરી શક્તિ, આજે વિશ્વયુદ્ધમાં આપણે જોઈ રહ્યા છીએ તેમ, બધાને પગતળે



**Folder** : Arpan-03 **Next Folder** Arpan-08
**File** :-December-08 2nd Proof 19-11-08
Tr 18-11-08

કચરે છે, ભાંગફોડ કરે છે, ખૂનામરકી કરે છે, બાળે છે, ભ્રષ્ટ કરે છે. અને એ ભયંકર કાર્ય તે કેવી રીતે કરે છે ? નિરાંતે, નિશ્ચિતપણે, વગર બાધાએ. આમ કેવળ અહિંસાનો આશ્રય લઈને પણ બીજાઓ હિંસા વડે જીવનનો જેટલો વિનાશ કરે છે તેટલો જ કદાચ તમે થવા દીધો છે એમ બને; છતાં એમ કહી શકાય કે તમે એક એવા આદર્શની જગતમાં પ્રતિષ્ઠા કરી છે જે આજે નહિ તો એક દિવસ ભાવિમાં વધારે સારી પરિસ્થિતિ પ્રત્યે જગતને લઈ જશે. પરંતુ એ આશ્વાસન પણ સંપૂર્ણપણે સાચું નથી નીવડતું, કારણ કે આત્મબળ પણ જ્યારે અસરકારક બને છે ત્યારે તે પણ વિનાશ કરે છે. જે લોકોએ આત્મબળનો પ્રયોગ પોતાની આંખો ઉઘાડી રાખીને કર્યો છે તેઓ જ જાણી શકે છે કે આત્મબળ તલવાર અને તોપ કરતાં કેટલું બધું કારમું અને વિનાશકારક હોઈ શકે છે. અને જેઓ પોતાના સ્થૂલ કર્મના બાહ્ય સ્વરૂપથી અને તેનાં તાત્કાલિક પરિણામથી પોતાની દૃષ્ટિને મર્યાદિત કરતા નથી તેઓ જ જાણી શકે છે કે આત્મબળના પ્રયોગોની પાછળથી થતી અસરો કેટલી બધી પ્રચંડ હોય છે અને એને લઈને આખરે કેટલું બધું વિનાશ પામી જાય છે. અને સાથે સાથે વિનાશ પામનાર વસ્તુના ઉપર આધાર રાખનાર જીવન પણ વિનાશને પામે છે. અનિષ્ટના ઉપર જે જે જીવી રહ્યું હોય છે તેના મોટા ભાગનો વિનાશ કર્યા વિના અનિષ્ટનો પોતાનો નાશ થઈ શકતો નથી. અને આપણે પોતે, અંગત હિસાબે, હિંસા કરવાના દુઃખદ અનુભવથી બચી ગયા તેથી કરીને જે વિનાશ થાય છે, તે વિનાશ તરીકે ઓછો ઠરતો નથી.

જ્યારે જ્યારે આપણે આત્મબળનો પ્રયોગ કરીએ છીએ, ત્યારે ત્યારે આપણા પ્રતિપક્ષી સામે કર્મનું પ્રચંડ બળ આપણે ઊભું કરીએ છીએ. અને એ કર્મના બળની પાછળથી જે ગતિ ઉત્પન્ન થાય છે તેને અટકાવવાનું સામર્થ્ય આપણામાં હોતું નથી. વિશ્વામિત્ર રાજાના સૈન્યની હિંસા સામે વશિષ્ઠ ઋષિ આત્મબળ વાપરે છે. અને હૂણ, શક અને પલ્લવ  લોકોનાં ધાડાંઓ વિશ્વામિત્રની સેના પર હુમલાઓ કરે છે. હિંસા અને જુલમ સહન કરી લેનાર આધ્યાત્મિક માણસની ખુદ શાંતિ અને નિષ્ક્રિયતા વિશ્વમાં કાર્ય કરી રહેલી પ્રચંડ શક્તિઓને જાગ્રત કરે છે, અને તે શક્તિઓ વેર લે છે. એવે પ્રસંગે પાપના પ્રતિનિધિ લોકોને મારફાડ કરવા દેવી અને એ લોકો પોતાના ઉપર આપણી કલ્પનામાં પણ કરવા ન ઇચ્છીએ એવી જાતનો વિનાશ નોતરી લે, તેના કરતાં તો શારીરિક બળ વડે એમનો સામનો કરવો એ કદાચ વધારે દયાળુ કાર્ય પણ હોઈ શકે. જગતમાં કલહ અને વિનાશના નિયમનો અંત લાવવા માટે આપણા પોતાના હાથ હિંસાથી ખરડાયેલા ન હોય, અને આપણા આત્માને ડાઘ લાગ્યો ન હોય એટલું પૂરતું

નથી. માનવજાતિમાં એનું જે મૂળ રહેલું છે તે માનવજાતિમાંથી દૂર થઈ જવું જોઈએ. આમ છે તો પછી પાપનો સામનો કરવાને નારાજ કે અશક્ત એવી કેવળ જડતા કે નિષ્ક્રિયતા તો એ નિયમને ક્યાંથી જ દૂર કરી શકે ? આખરે જોવા જઈએ તો જડતા અને તમોગુણ, કલહનાં રાજસિક તત્ત્વ કરતાં તો ઘણી વધારે હાનિ કરે છે. કારણ કે રજોગુણ પોતે વિનાશ કરે છે તેના કરતાં વધારે સરજી આપે છે. એટલે જ્યાં સુધી આ પ્રશ્ન વ્યક્તિગત કર્મનો ગણીએ ત્યાં સુધી સંગ્રામમાંથી અને એના અનિવાર્ય સહગામી પરિણામરૂપ સ્થૂળ વિનાશ કરવામાંથી નિવૃત્ત થઈ જવાને પરિણામે વ્યક્તિના નૈતિક જીવનની ઉન્નતિ થઈ શકે, પરંતુ પ્રાણીઓના સંહારક કાળને તો તે જેમનો તેમ રહેવા જ દે છે.

ઉપર જણાવ્યો તે મુદ્દા ઉપરાંત માનવજાતિનો અત્યાર સુધીનો આખોય ઈતિહાસ પણ જગતમાં યુદ્ધ અને કલહના નિયમની સતત વ્યાપકતાની અને અમોઘ ચીવટતાની સાક્ષી પૂરે છે. એ ઉગ્ર તત્ત્વની ઉગ્રતાને ઓછી કરવા માટે જીવનનાં બીજાં તત્ત્વો ઉપર વધારે ભાર દેવાનો પ્રયત્ન આપણે કરીએ એ સ્વાભાવિક છે. યુદ્ધ અને વિનાશ કાંઈ સર્વસ્વ નથી. જીવનમાં એક બાજુ કુસંપ અને કલહની શક્તિઓ કાર્ય કરે છે, તો બીજી બાજુએ સહકાર અને પરસ્પર સહાયનાં બળો પણ રહેલાં છે. જીવનમાં અહંપ્રધાન આત્મપ્રતિષ્ઠાન છે તો સામા પલ્લામાં પ્રેમની શક્તિ પણ રહેલી છે. બીજાઓને પોતાના સ્વાર્થને માટે હોમી દેવાની વૃત્તિ માનવમાં રહેલી છે, તો પોતાની જાતને બીજાઓને ખાતર સમર્પી દેવાની ભાવના પણ માનવમાં દેખાય છે. પરંતુ એ સંરક્ષક તત્ત્વો પણ વ્યવહારમાં કેવી રીતે કાર્ય કરે છે તે જોઈશું તો એનાં વિરોધી વિનાશક તત્ત્વોમાં રહેલી શક્તિની આપણે અવગણના નહિ કરી શકીએ, તેમ તેના પર ઢોળ પણ નહિ ચડાવી શકીએ. સહકારનું તત્ત્વ કાંઈ એકબીજાને મદદ કરવા માટે જ વપરાયેલું છે એવું નથી; એનો ઉપયોગ રક્ષણ તેમજ આક્રમણ કરવા માટે પણ થતો રહ્યો છે. જીવનના સંગ્રામમાં બીજાઓના હુમલાથી પોતાનું રક્ષણ કરવા માટે, અથવા તો, આપણા આક્રમણનો વિરોધ કરનારા સામે પણ સહકારનો પ્રયોગ થયેલો છે. સહકાર પોતે પણ સંગ્રામ, અહં અને જીવનની સામે જીવનને ટકાવી રાખવાના કાર્યનો સેવક બન્યો છે. પ્રેમ પોતે પણ મૃત્યુને આમંત્રણ કરનાર એક શક્તિ બની રહેલી જણાશે. ખાસ કરીને માનવનો અહં જે રીતે સ્વીકારે છે તે રીતે કલ્યાણ માટેનો તેનો પ્રેમ અને પ્રભુનો પ્રેમ ઘણાં સંઘર્ષ, કલહ, ખૂનામરકી અને વિનાશ માટે જવાબદાર થયેલો છે. સ્વાર્પણ એ ઘણી મહાન અને ઉદાત્ત વસ્તુ છે. પરંતુ જ્યારે તે સૌથી વધારે ઊર્ધ્વ ગતિને સાધે છે ત્યારે મૃત્યુને



Folder : Arpan-03 Next Folder Arpan-08
File :-December-08 2nd Proof 19-11-08
Tr 18-11-08

વરીને જીવન પ્રાપ્ત કરવાના નિયમની તે સાક્ષી પૂરે છે અને કોઈ અદૃશ્ય શક્તિ પોતાની વેદી ઉપર ઈષ્ટ કર્મ સાધવા માટે આહુતિ આપવાની માગણી કરતી આવી રહેલી છે એનો પણ એ પુરાવો છે.

વળી એવા આત્માર્પણની પાછળથી ઉત્પન્ન થતી અસરો પ્રત્યે આપણે નજર કરીશું તો સહજ અને સુલભ આશાવાદ આપણને એથી પણ ઓછો શક્ય લાગશે. દેશભક્તોના જ તરફ નજર કરો. પોતાનો દેશ સ્વતંત્ર થાય એટલા માટે દેશભક્તો જાન કુરબાન કરે છે અને થોડા દાયકાઓ પછી કુરબાનીની અને દુઃખો સહન કરવાની કિંમતનો બદલો કર્મનો સ્વામી પ્રભુ આપે છે ત્યારે એ દેશ પર ફરીને નજર કરો. હવે એ જ પ્રજા પોતે જુલમગાર બને છે, અને બીજી પોતાનાથી નબળી પ્રજાઓને જીતીને તેમની સમૃદ્ધિનું શોષણ કરે છે, વસાહતો જમાવે છે અને આક્રમણ કરીને રાજ્યોને પરાધીન બનાવે છે, તેમના પર સામ્રાજ્ય સ્થાપે છે અને પોતે જીવે એટલા ખાતર બીજાઓને ભક્ષે છે. એ જ પ્રમાણે ખ્રિસ્તી ધર્મના શહીદો હજારોની સંખ્યામાં પોતાનાં બલિદાન આપે છે અને વિધર્મી રોમન સામ્રાજ્યની રાજશક્તિ સામે પોતાની આત્મશક્તિ અજમાવે છે, જેથી કરીને ક્રાઇસ્ટનો વિજય થાય અને ખ્રિસ્તી ધર્મ વ્યાપક બને, સર્વત્ર પ્રચાર પામે. એમનું આત્મબળ સફળ તો થાય છે, ખ્રિસ્તી ધર્મનો પ્રચાર પણ થાય છે, પણ માનવજીવન પર ક્રાઇસ્ટનો વિજય સ્થપાતો નથી. વિજયી થયેલો એ ધર્મ મારકણો અને બીજાઓના પર સરસાઇ કરનારો પંથ બની જાય છે. અને જે ધર્મને અને જે સામ્રાજ્યને પોતે ઊથલાવી નાખે છે તેના કરતાં પણ વધારે ક્રૂર અને ધર્માંધ પોતે બને છે અને અનેક માનવોના ઉપર અત્યાચારો અને જુલમો ગુજારે છે. વધારે શું કામ ? સાક્ષાત્ ધર્મના પંથો એકબીજા સાથે ઝઘડાઓ અને ઉગ્ર યુદ્ધો કરીને દરેક પોતે આગળ વધવા, જીવવા અને જગતના ઉપર કાબૂ મેળવવા પ્રયત્ન કરી રહેલા છે !

આ બધા ઉપરથી એટલું તો સ્પષ્ટ જણાઈ આવે છે કે એ સંહાર અને યુદ્ધનું તત્ત્વ જીવનનું એક તત્ત્વ છે, અને કદાચ આદિ તત્ત્વ છે. અને એના ઉપર કેવી રીતે વિજય મેળવવો એનું રહસ્ય આપણે હજી સુધી જાણતા નથી. એનું કારણ એ છે કે કાં તો એ પોતે ખરેખર અજેય છે, અથવા તો, આપણે હજી સુધી તેના પ્રત્યે સમર્થ અને નિષ્પક્ષપાત દૃષ્ટિએ જોયું નથી, એટલે શાંતિથી અને પ્રામાણિકપણે તે શું છે એ આપણે જોઈ શક્યા નથી. જો આપણો ઉદ્દેશ જીવનના ગૂંચવણભર્યા કોયડાઓનો ઉકેલ લાવવાનો હોય, પછી તે ઉકેલ ગમે તે હોય, તેનું રહસ્ય જાણવાનો હોય, તો આપણે જીવન પ્રત્યે સ્થિર દૃષ્ટિ માંડીને વગર ગભરાયે તેને જોતાં શીખવું જોઈએ. જીવન પ્રત્યે દૃષ્ટિ કરવી એટલે ઈશ્વરના મુખ

પ્રત્યે દૃષ્ટિ કરવા બરાબર છે. કારણ કે ઈશ્વરને અને જીવનને આપણે જુદાં પાડી શકીશું નહિ. અથવા તો જગતના નિયમોની જવાબદારી આપણે જગતના કર્તાથી, યા તો જે જગતરૂપ બની રહેલો છે તેનાથી, જુદી પાડીને બીજા કાઈના પર નાખી શકીશું નહિ. અહીં પણ આપણે સામાન્ય રીતે દ્વિઅર્થી વાકયોમાં અને ઢાંકપિછોડો કરવામાં આનંદ લઈએ છીએ. આપણે પ્રેમનો અને દયાનો ઈશ્વર કલ્પીએ છીએ. આપણા નીતિના, ન્યાયના, સદ્‌ગુણના, ધર્મના વગેરે વિચારો અનુસાર આપણે શુભ યાને કલ્યાણ સ્વરૂપ, ન્યાયપરાયણ, સદ્‌ગુણી અને ધર્માત્મા ઈશ્વર ઊભો કરીએ છીએ. અને આપણે એમ પણ કહીએ છીએ કે બાકીનું બધું જે કાંઈ જગતમાં છે તે ઈશ્વર નથી, ઈશ્વરનું ય નથી. એ તો કોઈ આસુરી શક્તિનું કાર્ય છે. પ્રભુએ પોતાની વિરોધી એવી શક્તિને કોઈ અગમ્ય કારણે તેની સેતાની યોજનાને, રાક્ષસી માયાને, કે સંકલ્પને પાર પડવા દીધો લાગે છે. અથવા તો અહ્રિમન જેવી કોઈ અંધકારની એટલે કે અજ્ઞાનની શક્તિ કલ્યાણકારી અહુર્‌મઝદ્‌ની સામે થઈને એ વસ્તુઓને ઉત્પન્ન કરવામાં ફાવી જાય છે. અથવા તો એમ પણ માનવામાં આવે છે કે એ બધો પાપી અને સ્વાર્થી માનવનો જ વાંક છે. મૂળ તો આ જગત પ્રભુએ સંપૂર્ણ બનાવ્યું હતું તેને માનવે જ બગાડી મૂક્યું છે, અવનતિએ પહોંચાડ્યું છે. કેમ જાણે કે મૃત્યુનો અને પરસ્પર ભક્ષણનો જે નિયમ પ્રાણી-જગતમાં પ્રવર્તે છે તે પણ માનવનો બનાવેલો ન હોય ! હિંદુ ધર્મની પેઠે જરા યે ક્ષોભ કે સંકોચ વગર, આ અજ્ઞાત વિશ્વશક્તિ એક જ છે, એક જ ત્રિમૂર્તિ છે, એ સત્ય સ્વીકારવાની હિંમત ઘણા જ થોડા ધર્મોએ બતાવી છે. હિંદુ ધર્મ તો હિંમતપૂર્વક સ્વીકારે છે કે એ અજ્ઞાત શક્તિ પણ દિવ્ય છે, અને જગતમાં જે શક્તિ કાર્ય કરી રહેલી છે તે સર્વ મંગલદાયી દુર્ગા છે એટલું જ નહિ, પરંતુ કરાલકાલી, રક્તથી નીગળતું સંહાર-તાંડવ કરનાર કાલી પણ તે જ છે. અને તે કહે છે, 'આ પણ માતા જ છે, એને પણ પ્રભુ રૂપે જ જાણ. અને તારામાં સામર્થ્ય હોય તો એની પણ પૂજા કર.' અને એ ઘટના અર્થસૂચક પણ છે કે જે ધર્મમાં આવી નીડર પ્રામાણિકતા અને અજબ હિંમત છે એણે જ જગતમાં ગહન અને વ્યાપક એવું આધ્યાત્મિક જીવન ઉત્પન્ન કરવામાં એવી સફળતા મેળવી છે જેનો જોટો જગતમાં નથી. કારણ કે સત્ય એ જ સાચા આધ્યાત્મિક જીવનનો પાયો છે અને હિંમત એ તેનો આત્મા છે. तस्य सत्यं आयतनम् ।

***(ક્રમશઃ)***

**શ્રી અરવિન્દ**

(ગીતાનિબંધો પૃષ્ઠ ૪૮ થી ૫૩)



**Folder** : Arpan-03 **Next Folder** Arpan-08
**File** :-December-08 2nd Proof 19-11-08
Tr 18-11-08

# વૃત્ત વિશેષ

શ્રી અરવિન્દના મહાકાવ્ય 'સાવિત્રી' ઉપર અભ્યાસ વર્ગો (અંગ્રેજીમાં) નું આયોજન સોસાયટી બીચ ઓફિસ, પોંડિચેરી મૂકામે ૨૨ થી ૨૮ ફેબ્રુઆરી દરમિયાન કરવામાં આવ્યું છે. સાંજે ૫ થી ૭ દરમિયાન બે સત્રોમાં ડૉ. આલોક પાંડે, અભ્યાસ કરાવશે. રસ ધરાવનાર વ્યક્તિઓ વર્ગોમાં હાજરી આપી શકે છે.

❊❊❊

દેહરાદૂન (ઉત્તરાખંડ) કેન્દ્ર પર ૨૧ સપ્ટેમ્બરના રોજ શ્રી પ્રદીપ નારંગે 'ત્રિવિધ રૂપાંતર' વિષય પર અંગ્રેજીમાં વાર્તાલાપ રજૂ કર્યો હતો. વાર્તાલાપ બાદ પ્રશ્નોત્તરીનો કાર્યક્રમ પણ થયો.

❊❊❊

શ્રી અરવિન્દ નિવાસ, વડોદરા મુકામે પ્રતિવર્ષ માફક આ વર્ષે ૧૨ ને ૧૩ ઓક્ટોબર દરમિયાન શ્રી અરવિન્દ સોસાયટી, વડોદરા તેમ જ વિશ્વસંસ્કૃત પ્રતિષ્ઠાનમના સંયુક્ત ઉપક્રમે સંસ્કૃત ગરબાની હરિફાઈનું આયોજન કરવામાં આવ્યું હતું. વડોદરાની ૧૮ શાળાઓની આશરે ૪૦૦ બહેનોએ હરિફાઈમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો. પ્રાથમિક અને માધ્યમિક એમ બે વિભાગોમાં ત્રણ ત્રણ ઈનામો વિજેતાઓને અર્પણ કરવામાં આવ્યા. કાર્યક્રમનું ઉદ્‌ઘાટન ગુજરાત રાજ્યના માહિતી કમિશ્નર, શ્રી ભાગ્યેશ ઝાએ કર્યું. શ્રી ભાગ્યેશભાઈએ પ્રસંગોચિત્ વક્તવ્ય સંસ્કૃત ભાષામાં રજૂ કર્યું હતું. વિશ્વ સંસ્કૃત પ્રતિષ્ઠાનમના રાષ્ટ્રીય કક્ષાના ઉપપ્રમુખ શ્રી જે.કે.ભટ્ટ અતિથિવિશેષ તરીકે હાજર રહ્યા હતા. કાર્યક્રમનું આયોજન ને સંચાલન શ્રી પરાશરભાઈ દ્વિવેદી અને ડૉ. રમણલાલ પાઠકે કર્યું. મીડિયાએ આ કાર્યક્રમની ખાસ નોંધ લીધી હતી.

## નવાં પ્રકાશનો

**Samadhi of Sri Aurobindo and The Mother**

પ્રકાશક : શારીરિક શિક્ષણ વિભાગ શ્રી અરવિન્દ આશ્રમ પોંડેચેરી, પૃષ્ઠ સંખ્યા ૧૨૨. ૩૦×૨૨ સે.મી. પાકું પૂઠું : કિંમત રૂા. ૪૫૦/-

(પોસ્ટેજ અલગ) ૭×૧૦ ઇંચની સમાધિની 'હાજરી'નો પ્રત્યક્ષ અનુભવ કરાવતી ૧૧૧ રંગીન છબીઓ પુસ્તકમાં સમાવાયેલી છે. પ્રસ્તાવનામાં સમાધિની જાળવણી વિશે શ્રી માતાજીએ આપેલી સૂચનાઓનો ઉલ્લેખ પણ કરવામાં આવ્યો છે. પુસ્તક પ્રાપ્તિ માટે પ્રકાશકનો સંપર્ક કરો.

❋❋❋

**પ્રાણ – જીવન શક્તિ અને પૂર્ણયોગ :** પ્રકાશક : શ્રી અરવિન્દ મેમોરિયલ ટ્રસ્ટ, શ્રી અરવિન્દ નિવાસ, દાંડિયાબજાર, વડોદરા-૩૯૦ ૦૦૧. પૃષ્ઠ : ૨૪ : કિંમત રૂા. ૧૦. શ્રી અરવિન્દ નિવાસ, વડોદરા મુકામે Women's Council ના ઉપક્રમે યોજાએલ જ્ઞાનસત્રમાં શ્રી કિરીટભાઈ ઠક્કરે રજૂ કરેલ વક્તવ્યોનું સંકલન પ્રસ્તુત પુસ્તકમાં કરવામાં આવ્યું છે. પ્રાણ-જીવન-શક્તિ શું છે અને પૂર્ણયોગમાં એનું જે મહત્ત્વ છે એ વિશે પુસ્તકમાં સુંદર છણાવટ થયેલી છે.

❋❋❋

**સાભાર સ્વીકાર : માધુકરી** (મહાત્માઓનાં સાધના વિષયક લખાણોનો સંગ્રહ) અનુવાદ - સંકલન - મકરન્દ બ્રહ્મા. પ્રકાશક : મકરન્દ બ્રહ્મા - જ્યોતિ, ૧૧૦, શારદાનગર, પાલડી, અમદાવાદ-૭. પૃષ્ઠ સંખ્યા : ૨૦૬ : પાકું પૂઠું : પ્રતીક મૂલ્ય : રૂા. ૩૦/- અનેક મહાત્માઓનાં લખાણોના આ સંકલનમાં શ્રી અરવિન્દ, શ્રીમાતાજી, તેમજ પૂર્ણયોગના સાધકોનાં લખાણોનો પણ સમાવેશ થયેલો છે. પ્રાપ્તિસ્થાન - શ્રી અરવિન્દ સાધના કેન્દ્ર, ૬૩ યશકમલ સોસાયટી, ધરણીધર ચાર રસ્તા પાસે, અમદાવાદ-૭, ફોન : ૨૬૬૪૨૫૯૬.

**રૂદ્રાક્ષ** (ચર્ચાપત્ર સંગ્રહ) ડૉ. કે. ટી. સોની, પ્રકાશક : દક્ષિણ ગુજરાત ચર્ચાપત્ર સંઘ, સૂરત. ૪/૨૦૬, મુલાકાત હાઉસીંગ બોર્ડ, પાલનપુર પાટિયા, રાંદેર રોડ, સૂરત-૩૯૫૦૦૫. પ્રજાહિત ને સમાજસેવા માટેના હકારાત્મક લખાણોનો સંગ્રહ.

❋❋❋

શ્રી અરવિન્દ નિવાસમાં ચાલતી પ્રવૃત્તિઓનો અહેવાલ તથા અર્પણ માસિક, શ્રી અરવિન્દ સોસાયટીની વેબસાઈટ www.auronivas.org ઉપર આપ જોઈ શકો છો.

❋❋❋



**Folder** : Arpan-03 **Next Folder** Arpan-08
**File** :-December-08 2nd Proof 19-11-08
Tr 18-11-08

## Matter shall reveal the Spirit's face

*Sri Aurobindo*



શ્રી અરવિન્દનું તત્ત્વદર્શન હિંદના પ્રાચીન ઋષિમુનિઓના તત્ત્વદર્શનથી પોતાનો આરંભ કરે છે. જગતના બાહ્ય આભાસોની પાછળ એક પરમ વાસ્તવિક સત્-તા અને ચેતના રહેલી છે. એ પરમ ચેતના સર્વ પદાર્થોનું અંતરતમ સ્વરૂપ છે. એ એક છે, શાશ્વત છે. એના અદ્વૈત સ્વરૂપમાં, એ આતમતત્ત્વમાં સર્વ પ્રાણીઓ એકત્વ પામેલાં છે, એક રૂપે રહેલાં છે, પરંતુ તેઓ મન, પ્રાણ અને શરીરમાં આવતાં, પોતાના સાચા સ્વરૂપના તથા સત્યના જ્ઞાનને અભાવે, ચેતનાની અમુક પ્રકારની ભેદબુદ્ધિ દ્વારા એકમેકથી છૂટાં પડી ગયેલાં છે. અમુક માનસિક સાધના દ્વારા આ ભેદોત્પાદક ચેતનાના અવરણને દૂર કરી શકાય છે તથા આપણા સ્વરૂપનું, આપણામાં તથા સર્વમાં રહેલી દિવ્યતાનું જ્ઞાન પ્રાપ્ત કરી શકાય છે.

શ્રી અરવિન્દનું તત્ત્વદર્શન કહે છે કે આ અદ્વૈતરૂપી સત્-તા અને ચેતના અહીં જડતત્ત્વમાં તિરોભૂત થઈને, એમાં ગુપ્ત રીતે પડેલી છે. એ ચેતના મુકિત પ્રાપ્ત કરવા જે પદ્ધતિ વાપરે છે તે છે વિકાસક્રમ. જે તત્ત્વ અચેતન રૂપે દેખાય છે તેમાં ચેતના પ્રગટ થાય છે. અને એક વાર પ્રગટ થઈ ગયા પછી, તે આપમેળે વધુ ને વધુ વિકાસ પ્રત્યે ગતિ કરવા લાગે છે અને સાથે સાથે એક વધુ ને વધુ સંપૂર્ણતા પ્રત્યે વૃદ્ધિ પામે છે, વિકાસ પામે છે. ચેતનાએ આ રીતે જે મુક્તિ સાધી છે તેનું પહેલું પગથિયું છે જીવન, બીજું પગથિયું છે મન. પણ વિકાસક્રમનો અંત મન આગળ જ આવી જતો નથી. એ વિકાસક્રમ હજી આગળ વધવાનો છે. મન કરતાં પણ વધારે વિશાળ એવી આધ્યાત્મિક રૂપની તથા વિજ્ઞાનમય રૂપની ચેતનામાં એ વિકાસ પહોંચવાનો છે. મનુષ્યના સચેતન સ્વરૂપમાં વિજ્ઞાન તથા આત્મતત્ત્વ પ્રધાન શક્તિ રૂપે બની રહે એ દિશામાં વિકાસક્રમનું હવે પછીનું પગથિયું બનવું જોઈશે. એમ થશે ત્યારે જ પદાર્થોમાં રહેલી તિરોભૂત દિવ્યતા પૂરેપૂરી મુક્ત બનશે અને જીવનમાં પૂર્ણતાનું પ્રાકટ્ય શક્ય બનશે.

(શ્રી અરવિન્દ અને તેમનો આશ્રમ, પૃષ્ઠ ૭૪-૭૫)